કેસ રજુ તારીખ : ૦૫/૦૩/ ૨૦૨૫
કેસ દાખલ તારીખ : ૦૫/૦૩/ ૨૦૨૫
કેસ ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૨૫

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

# મે.એડી. ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ(સીટી).

---

**ક્રિ.કેસ નં.૫૧૯૯૬/૨૦૨૫**
**આંક– ૨૫**

**ફરીયાદી :–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ:**

**આરોપી :–** **(૧) કમલેશભાઈ પરેશભાઈ ભાટી, (ઉ.વ.૨૧)**
**(૨) વિનોદભાઈ રમેશભાઈ ભાટી, (ઉ.વ.૩૨)**
**(૩) નવઘણભાઈ રમેશભાઈ ભાટી, (ઉ.વ.૨૭)**
તમામ રહે., અણદામુખીનો વાસ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ.

**ગુન્હો:**– ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ...

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.કે.યોગી**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી એ.વી.પટેલ**

---

## –: ચુ કા દો :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૧૦/૨૦૨૪ ના કલાક ૨૩/૩૦ વાગ્યાના સુમારે ગુલબાઈ ટેકરા અણદામુખીના વાસના નાકે તથા આરોપી નં.૧ કમલેશ પરેશભાઈ ભાટીના

ઘરની સામે જાહેરમાં આ કામના ફરિયાદીશ્રીએ આરોપી નં.૧ ને તેઓના ઘરની સામે ફટાકડા ફોડવાની ના પાડતા આ કામના આરોપીઓએ ફરિયાદીશ્રી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી ઝપાઝપી કરી ગંદી બિભત્સ ગાળો બોલી માર મારવાની ધમકી આપી આરોપી નં .૧ નાએ સાહેદ જગમલભાઈ રામાભાઈ ભાટીને માથાના ભાગે તથા આરોપી નં.ર નાએ સાહેદ રામાભાઈ મેઘાભાઈ ભાટી તથા દેવાભાઈ અમરતભાઈ ભાટીને માથાના ભાગે તથા શરીરે હાથે પગે તથા આરોપી નં.૩ નાએ ફરિયાદીશ્રીને તથા સાહેદ માઘાભાઈ વિરાભાઈ પરમારને માથાના ભાગે લાકડીઓ વડે ફટકા મારી ઈજા પહોંચાડી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ ગુજ. યુનિ. પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે પાર્ટ–એ ગુ. ર. નં.૧૧૧૯૧૦૧૭૨૪૦૧ ૮૦/૨૦૨૪ થી ફરીયાદ નોંધી, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપીઓ વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજતા આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક–૦૬, ૦૭, ૦૮ થી પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદી અમરતભાઈ રામાભાઈ ભાટીની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૨ | સાહેદ રામાભાઈ મેઘાભાઈ ભાટીની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૩ | સાહેદ માધાભાઈ વિરાભાઈ પરમારની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |
| ૪ | સાહેદ જગમલભાઈ રામાભાઈ ભાટીની સોગંદ ઉપરની જુબાની | ૧૪ |
| ૫ | સાહેદ દેવાભાઈ અમરતભાઈ ભાટીની સોગંદ ઉપરની જુબાની | ૧૫ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૧ |
| ૨ | રીકવરી પંચનામાઓ | ૧૬, ૧૭ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૪ | ફરિયાદી તથા સાહેદોના સારવાર સર્ટી. | ૧૯ થી ૨૨ |
| ૫ | હથિયારબંધીનું જાહેરનામું | ૨૩ |
| ૬ | કલોર્જીગ પુરસીસ | ૨૪ |

(૪) આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોવાથી, આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:મુદ્દા:-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૧૦/૨૦૨૪ ના કલાક ૨૩/૩૦ વાગ્યાના સુમારે ગુલબાઈ ટેકરા અણદામુખીના વાસના નાકે તથા આરોપી નં.૧ કમલેશ પરેશભાઈ ભાટીના ઘરની સામે જાહેરમાં આ કામના ફરિયાદીશ્રીએ આરોપી નં.૧ ને તેઓના ઘરની સામે ફટાકડા ફોડવાની ના પાડતા આ કામના આરોપીઓએ ફરિયાદીશ્રી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી ઝપાઝપી કરી ગંદી બિભત્સ ગાળો બોલી માર મારવાની ધમકી આપી આરોપી નં.૧ નાએ સાહેદ જગમલભાઈ રામાભાઈ ભાટીને માથાના ભાગે તથા આરોપી નં.૨ નાએ સાહેદ રામાભાઈ મેઘાભાઈ ભાટી તથા દેવાભાઈ અમરતભાઈ ભાટીને માથાના ભાગે તથા શરીરે હાથે પગે તથા આરોપી નં.૩ નાએ ફરિયાદીશ્રીને તથા સાહેદ માધાભાઈ વિરાભાઈ પરમારને માથાના ભાગે લાકડીઓ વડે ફટકા મારી ઈજા પહોંચાડી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**મુદ્દા નં.૧:-**

આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના આવશ્યક તત્વો ઘ્યાને રાખીને કરવામાં આવેલ છે.

(૮) ભારતીય પુરાવા ધારા કલમ-૩ તથા ૧૬૫ ના પ્રબંધો ઘ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકિકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારા કલમ-૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે. ફોજદારી ઈન્સાફી કાર્યવાહીનો સિઘ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ-૩ માં જણાવ્યા પ્રમાણે સાબીત તથા ના-સાબીતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો પડે અને જો ફરીયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઉભી થાય તો તેનો સીધો લાભ આરોપીને મળે અને આરોપી જો તેમનો બચાવ સાબીત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ-પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિઘ્ધાંત મુજબ સાબીત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરીયાદપક્ષને મળે નહી અને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષનો કેસ સાબીત થાય નહીં અને જેથી ફરીયાદપક્ષે તેમનો કેસ સાબીત કરવા અંગે સાબીતીનો ભાર હંમેશા ફરીયાદપક્ષ ઉપર જ રહે છે તે કયારેય આરોપીપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતા આરોપી પક્ષે ઈ.પી.કો.ક.૭૬ થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ

બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૩, ૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Jayantilal Kuberdas Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99) માં ઠરાવેલ છે કે,

> The Court must bear in mind the set up and the circumstances in which the crime is committed, the quality of evidence, nature and temperament of the witnesses, the level of understanding and power of perception and examination of individual witness and probability in ordinary course of nature about the act complained of as might have been witnessed by the witnesses.
>
> ઉપરોકત સિધ્ધાંત મુજબ રજુ પુરાવાનું મુલ્યાંકન કરી નિર્ણય લેવો જોઈએ.

(૯) સદર કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી રજુ થયેલ ફરિયાદી અમરતભાઈ રામાભાઈ ભાટીની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને સંપુર્ણપણે સમર્થન કરેલ નથી અને તેઓએ પોતાની સરતપાસમાં બનાવમાં સામાન્ય બોલાચાલી હોવાનું જણાવતાં તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતા તેઓએ ફરીયાદને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ હાલના આરોપીઓ વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૦) સદર કામે ફરીયાદપક્ષે આંક–૧૨ થી રજુ થયેલ સાહેદ રામાભાઈ મેઘાભાઈ ભાટી, આંક–૧૩ થી રજુ થયેલ સાહેદ માધાભાઈ વીરાભાઈ પરમાર, આંક–૧૪ થી રજુ થયેલ સાહેદ જગમલભાઈ રામાભાઈ ભાટી, આંક–૧૫ થી રજુ થયેલ સાહેદ દેવાભાઈ અમરતભાઈ ભાટીની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા

તેઓએ ફરીયાદ હકીકતને સંપુર્ણપણે સમર્થન કરેલ નથી અને તેઓએ પોતાની સરતપાસમાં બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવતાં તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતા તેઓએ ફરીયાદને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. જ્યારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ હાલના આરોપીઓ વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૧) તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો લક્ષમાં લેતાં આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદીશ્રી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી, ઝપાઝપી કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, માર મારવાની ધમકી આપી, સાહેદને માથાના ભાગે તથા શરીરે હાથે પગે તેમજ ફરિયાદીશ્રીને તથા સાહેદને માથાના ભાગે લાકડીઓ વડે ફટકા મારી ઈજા પહોંચાડી, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ગુનો કર્યાનો આરોપ છે. ફરિયાદીશ્રી અમરતભાઈ રામાભાઈ ભાટી, સાહેદ રામાભાઈ મેઘાભાઈ ભાટી, સાહેદ માધાભાઈ વીરાભાઈ પરમાર, સાહેદ જગમલભાઈ રામાભાઈ ભાટી, સાહેદ દેવાભાઈ અમરતભાઈ ભાટી નાઓએ અનુક્રમે આંક-૧૦, આંક-૧૨, આંક-૧૩, આંક-૧૪, આંક-૧૫ થી પોતાની જુબાનીઓ આપેલ છે, તેઓ તમામ હાલના કામે ફરી ગયેલા જાહેર થયેલા છે અને હાલના આરોપીઓ વિરૂધ્ધની કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવામાં આંક-૧૬, ૧૭ થી રીકવરી પંચનામાઓ, આંક-૧૮ થી બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક-૧૯, ૨૦, ૨૧, ૨૨ થી ફરિયાદી તથા સાહેદોના સારવાર સર્ટી., આંક-૨૩ થી હથિયારબંધીનું જાહેરનામું રજુ કરેલ છે, જે આરોપીપક્ષે આંકે પાડવા વાંધો ન હોય જેથી સંમતિથી આંક આપેલ છે. સદર દસ્તાવેજોની તમામ હકીકતો સાચી માની લેવામાં આવે તો પણ જયારે મહત્વના સાહેદો હોસ્ટાઈલ ગયેલ હોય ત્યારે આરોપીઓએ જ ગુનો કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી.

પ્રોસિકયુશન તરફે આંક-૨૪ થી એ.પી.પી.શ્રી મારફતે પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. વધુમાં, ૧૯૯૬(૩) ક્રાઈમ પાના નંબર-૮૫ સતીષ મહેરા

– વિરૂધ્ધ –દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ નિરીક્ષણ કરેલ છે કે, When Judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date. તે તમામ હકીકતો ધ્યાને લઈ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

આ કામના **આરોપીઓ : (૧) કમલેશભાઈ પરેશભાઈ ભાટી, (ઉ.વ.૨૧) (૨) વિનોદભાઈ રમેશભાઈ ભાટી, (ઉ.વ.૩૨) (૩) નવઘણભાઈ રમેશભાઈ ભાટી, (ઉ.વ.૨૭)** નાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧)** અન્વયે **ધી બી.એન.એસ.એક્ટ ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી),૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

કબજે કરવામાં આવેલ મુદ્દામાલ લાકડીઓનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે વધુ ૬ માસના સમયગાળા માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા સારૂં ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો નવા જામીન આપવાના રહેશે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૪/૨૦૨૫
અમદાવાદ.

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૪)

P.A.(Grade-II),
Kalpesh Koshti